થર્ટી ફર્સ્ટ નાઈટે પોલીસને માત્ર ચાર જણા પીધેલા મળ્યા...!

છાકટા બનેલા નબીરાઓ દ્વારા થયેલી નાની-મોટી માથાકુટોને બાદ કરતાં જિલ્લાભરમાં ક્યાંય અનિચ્છનીય ઘટના બની નથી

ગાંધીનગર, તા.૧

ગાંધીનગરમાં ચારેક ફાર્મ હાઉસ-પાર્ટી પ્લોટોમાં યોજાયેલી થર્ટી ફર્સ્ટની ડીજે નાઈટમાં યુવક-યુવતીઓ કુલ-ઓન ઝુમ્યા હતાં. દારુના નશામાં ધૂત યુવાનોએ પણ ડીજે મસ્તી માણી હતી. નાની અમથી માથાકુટો ને બાદ કરતાં જિલ્લામાં ડી.જે. નાઈટ દરમિયાન કોઈ ઘટના બનવા પામી નથી કે છેડતી તથા મશ્કરીને પગલે થતી મારામારી પણ થવા પામી ન હતી. જિલ્લાભરમાંથી પોલીસને માત્ર ચાર જ જણાં દારુ પીધેલી હાલતમાં મળી આવ્યા હતા. સે-૭ પોલીસે ઉપરોકત તમામ કેસ કર્યા હતાં.

દારૂ પીને છાકટા બની ગયા બાદ ડી.જે. પાર્ટીમાં આવીગયેલા યુવાનો દ્વારા કયાંક કયાંક કરવામાં આવેલી માથાકુટોને બાદ કરતાં થર્ટી ફર્સ્ટ નાઈટે જિલ્લામાં કયાંય મારામારી કે છેડતીના બનાવો બનવા પામ્યા નથી. મોડી રાત સુધી બાઈકો અને ગાડીઓ લઈને છાકટા યુવાનો જાણે રેસીંગ ટ્રેક હોય તેમ ગાંધીનગરના માર્ગો પર ફરતાં નજરે ચઢયા હતાં. જો કે પોલિસને જિલ્લાભરમાંથી માત્ર ચાર જ જણાં દારુ પીધેલી હાલતમાં મળી આવ્યા હતાં જે ચારેય વિરૂધ્ધ દારૂ પીને વાહન ચલાવવાના ગુના હેઠળ પકડી જેલ ભેગા કરવામાં આવ્યા હતા. તો બીજી તરફ જિલ્લા પોલિસ વડાએ રાખેલી ડ્રાઈવ દરમિયાન સે-૭ પોલીસને બાદ કરતાં એક પણ પોલીસને દારૂના નશામાં ભટકતા યુવાનો નજરે ચઢયા ન હતાં. જો કે આ વખતે એલ.સી.બી. તથા સ્થાનિક પોલિસની સક્રિયતા વચ્ચે જિલ્લાભરમાં કયાંય અનિચ્છનીય બનાવ બનવા પામ્યો નથી તે પણ નોંધનીય બાબત છે.

રાજ્યમાં વિકાસની ગતિ વધવાની સાથે વાહન - વ્યવહાર પણ ઝડપથી વધી રહ્યો છે અને દિન-પ્રતિદિન અકસ્માતોનું પ્રમાણ વધી રહ્યું છે ત્યારે રાજ્ય સરકારના વાહન વ્યવહાર વિભાગ અને ટ્રાફિક પોલીસ દ્વા માર્ગ-સલામતિ સમાહની વર્ષારંભે વિશેષ ઉજવણી કરવામાં આવે છે. ગાંધીનગર શહેરમાં પણ માર્ગ સલામતિ સમાહની ઉજવણી અંતર્ગત વસાહત મહામંડળ અને સ્વૈચ્છિક સંસ્થાઓ દ્વારા જનજાગૃતિ અભિયાન હાથ ધરવામાં આવ્યું છે. માર્ગ સલામતિ સમાહની ઉજવણી માટે ખાસ તૈયાર કરવામાં પ્લેમફલેટ્સ ટ્રાફિક નિયમન અંગેની પુસ્તિકા વિગેરેનું વિતરણ આજે કરવામાં આવ્યું હતું તેમજ વાહનો પર રેડિયમની લાલ કલરની પટ્ટી અને સ્ટીકર લગાવવામાં આવ્યા હતા તેની તસવીર. (તસવીર : દિપક જાની)

સે-૩માં રહેતા યુવાનનો પંખે દુપટ્ટો બાંધી ગળાફાંસો

બપોરે એકાંતમાં કોઈ અગમ્ય કારણોસર ભરેલું અંતિમ પગલું શિક્ષક તરીકે ફરજ બજાવતા માતા પિતા શાળાએ હતા

ગાંધીનગર, તા.૧

શહેરનાં સેકટર-૩માં રહેતા અને કોલેજમાં અભ્યાસ કરતા ૨૦ વર્ષીય યુવાને આજે બપોરના સુમારે પોતાના ઘરે જ કોઈ અગમ્ય કારણોસર પંખે દુપટ્ટો બાંધીને ગળે ફાંસો ખાઈ લેતા ચકચાર મચી જવા પામી છે. શિક્ષક તરીકે ફરજ બજાવતા યુવકના માતા પિતા શાળાએ હતા. તે દરમિયાન તેણે અંતિમ પગલું ભરી લીધું હતું. સે-૭ પોલીસે મૃતદેહ પોસ્ટમોર્ટમ માટે મોકલી અકસ્માત મોતનો ગુનો નોંધી તપાસનો દોર શરુ કર્યો છે.

ગાંધીનગરનાં સેકટર-૩-બી પ્લોટ નં. ૨૦૪/૨માં રહેતા ચંદ્રકાન્તભાઈ લેઉવા તથા તેમની પત્નિ બંને પાલજ ગામની શાળામાં શિક્ષક તરીકે બજાવે છે તેમના બે દિકરાઓ પૈકી એક કલોલની ખાનગી કંપનીમાં નોકરી કરે છે જયારે બીજો ૨૦ વર્ષીય દિકરો આકાશ કોલેજમાં અભ્યાસ કરતો હતો. આજે બપોરે માતા-પિતા શાળાએ અને ભાઈ ઓફિસ ગયા હતા તે દરમિયાન આકાશે પોતાના ઘરે જ પંખે દુપટ્ટો બાંધીને લટકી જઈ આત્મહત્યા કરી નાંખી હતી.

બપોરે તેનો ભાઈ ઘરે આવ્યો તો લટકતી હાલતમાં સગા ભાઈને જોઈને તેના પગ તળેથી જાણે જમીન સરકી ગઈ હતી. માતા પિતા તથા પોલીસને જાણ કરીને બોલાવી લેવામાં આવ્યા હતા. સે-૭ પોલિસે મૃતદેહ પોસ્ટમોર્ટમ માટે ગાંધીનગર સિવિલ હોસ્પિટલ મોકલી અકસ્માત મોતનો ગુનો દાખલ કરી આપઘાતનું કારણ બહાર લાવવા તજવીજ શરુ કરી છે. હજુ સુધી યુવકના આપઘાતનું કારણ સ્પષ્ટ થયું નથી.

કચ્છ મિત્ર મંડળ ગાંધીનગરનો સરસ્વતી સન્માન કાર્યક્રમ યોજાયો

ગાંધીનગર, તા. ૧

શ્રી કચ્છ મિત્ર મંડળ ગાંધીનગર તરફથી સાંસ્કૃતિક કાર્યક્રમ તેમજ સરસ્વતી સન્માન કાર્યક્રમ લચ્છુભાઈ બોરાના પ્રમુખ સ્થાને યોજાયો હતો. હાસ્ય લેખક ચિત્રસેનભાઈ શાહ, ગ્રંથપાલ નિયામક, ડૉ. વર્ષાબેન મહેતા, અતિથિ વિશેષ પદે હતા. કચ્છી પટેલ સમાજના અગ્રણી માધુભાઈ પટેલ હાજર રહ્યા હતા.

આ પ્રસંગે તેજસ્વી તારલાઓને સન્માનવામાં આવેલ હતા. સાંસ્કૃતિક કાર્યક્રમમાં તમામ કલાકારોએ ભાગ લીધો હતો.

હાસ્ય લેખક ચિત્રસેન શાહને 'કચ્છી ઑક ધી યર ગાંધીનગર'નો એવોર્ડ અપાયો છે. જગદીશભાઈ ગોર તેમજ કુ. જયશ્રીબેન ખેતીયાએ સંચાલન કર્યું હતું. કાર્યક્રમને સફળ બનાવવા સૌ કચ્છી ભાઈબહેનોએ જહેમત ઉઠાવી હતી. શાંતિભાઈ ઘોઘારી, દીપકભાઈ તન્ના, શ્રીમતી પ્રજ્ઞાબેન જોશી, રમેશભાઈ રાઠોડ, યજ્ઞેશ ગોર, કમલેશ ભાટિયા, નિલેન્દુ વોરાએ હાજરી આપી હતી.

ગાંધીનગર શહેર પેન્શનર્સ સમાજની ઉજીએ બેઠક મળશે

ગાંધીનગર, તા.૧

ગાંધીનગર શહેર પેન્શનર્સ સમાજના પ્રવરમંત્રી નિરંજન ઓઝાએ એક અખબારી યાદીમાં જણાવ્યું છે કે, ગાંધીનગર શહેર પેન્શનર્સ સમાજની તા. ૩જી જાન્યુઆરી ૨૦૧૩ના રોજ બેઠક મળશે. પેન્શનર્સ સમાજની પ્રત્યેક માસના પહેલા ગુરુવારે મળતી બેઠક આ વખતે તા. ૩જી જાન્યુઆરી ૨૦૧૩ના રોજ ગુરુવારે બપોરે ૩ કલાકે સંસ્થાના કાર્યાલય સ્વસ્તિક કોમ્પ્લેક્ષ, બીજો માળ, સેકટર-૨૨, ગાંધીનગર મુકામે મળશે. પ્રમુખ એસ.ડી.આર. મલિકના અધ્યક્ષસ્થાને મળનારી બેઠકમાં ૨૬મી જાન્યુઆરી ૨૦૧૩ના રોજ બપોરે ૩ કલાકે સર્વ વિદ્યાલય કેળવણી મંડળના ખિમજી વસરામ એન્ડ સન્સ હોલમાં યોજાનાર વડીલોના સન્માન સમારંભ 'અમૃત મહોત્સવ' અંગે સભ્યોને કામકાજની સોંપણી કરવામાં આવશે તથા વિગતવાર ચર્ચા વિચારણા કરવામાં આવશે. સમગ્ર બેઠકમાં પદાધિકારીઓ, કાર્યવાહક સમિતના સભ્યો તથા સેકટર પ્રતિનિધિઓને અચૂક હાજર રહેવા પ્રમુખે જણાવ્યું છે.

માર્ગ સલામતી સપ્તાહનો પ્રારંભ : ૧ હજાર વાહનોને રીફલેકટર્સ લગાવાયા

આજે સે-૨૨માં રીક્ષા ચાલકોની તબીબી ચકાસણી કરાશે

ગાંધીનગર, તા.૧

શહેરમાં આજથી શરૂ થયેલી માર્ગ સલામતી સપ્તાહની ઉજવણી અન્વયે બસ-રીક્ષા સહિત ૧ હજાર વાહનોને રીફલેકટર્સ લગાવાયા હતા આ ઉપરાંત ચાર હજાર વાહનચાલકોને માર્ગદર્શક પત્રિકાનું વિતરણ કરવામાં આવ્યું હતું. બુધવારે રીક્ષા ચાલકોની વિના મુલ્યે તબીબી ચકાસણી કરાશે.

સમગ્ર દેશમાં નવા વર્ષના પ્રથમ અઠવાડીયાની માર્ગ સલામતી સપ્તાહ તરીકે તરીકે ઉજવણી કરવામાં આવે છે. રોડ સેફટી અંગે જનજાગૃતિ કેળવવા આ સપ્તાહ દરમિયાન ટ્રાફિક અવેરનેસના વિવિધ કાર્યક્રમો યોજવામાં આવે છે. પાટનગરમાં પણ શહેર વસાહત મહામંડળ, આર.ટી.ઓ. કચેરી તેમજ ટ્રાફિક પોલિસ દ્વારા આજથી માર્ગ સલામતી સપ્તાહની ઉજવણીનો પ્રારંભ કરવામાં આવ્યો છે. શહેર વસાહત મહામંડળના પ્રમુખ અરૂણ બુચે આ અંગે માહિતી આપતા જણાવ્યું હતું કે ૨૪મા માર્ગ સલામતી સપ્તાહની ઉજવણી અન્વયે આજે બસ અને રીક્ષા સહિતના વાહનોને રીફલેકટર્સ લગાવાયા હતા. જયારે ૪ હજાર જેટલા વાહનચાલકોને માર્ગદર્શક પત્રિકાઓનું વિતરણ કરાયું હતું. આ તબક્કે આર.ટી.ઓ. ઈન્સ્પેકટર શ્રી શુરુ, ટ્રાફિક પી.આઈ. શ્રી ગામીત ટ્રાફિક બ્રિગેડ તેમજ હોમગાર્ડઝના જવાનો ઉપરાંત મહામંડળના મયુર વ્યાસ, સુધીર દેસાઈ, બી.એ. શુકલ, સીતારામ પટેલ, કશ્યપ મહેતા સહિતના આગેવાનો ઉપસ્થિત રહ્યા હતા. વડોદરા સ્થિત સયાજીરાવ ગાયકવાડ યુનિવર્સિટીના વિદ્યાર્થી આગેવાન હર્ષ વ્યાસ સહિત તાલીમાર્થીઓ પણ ઝુંબેશમાં જોડાયા હતા. તા. ૨ જાન્યુઆરીના રોજ પણ સે-૨૨ ખાતેના મેદાનમાં બપોરે ૪ કલાકે ૧૦૮ના સહયોગથી રીક્ષા ચાલકોની વિના મૂલ્યે તબીબી ચકાસણી કરવામાં આવશે. આ તબક્કે રીક્ષા ચાલકોને યોગ્ય માર્ગદર્શન પણ પુરું પાડવામાં આવશે.

નાણા વિભાગની ટીમનો મહેસુલ વિભાગની ટીમ સામે ૬ વિકેટે ભવ્ય વિજય

ગાંધીનગર, તા. ૧

આંતર વિભાગીય ક્રિકેટ ટૂર્નામેન્ટની સ્પર્ધા તાજેતરમાં યોજાઈ હતી. જેમાં નાણા વિભાગની ટીમનો મહેસૂલ વિભાગની ટીમને હરાવી સેમી ફાઈલનમાં ધમાકેદાર પ્રવેશ થયો છે. સમગ્ર મેચમાં કમલેશ સોલંકી મેન ઓફ ધી મેચ જાહેર થયો છે અને સમગ્ર ટીમ ઉજી જાન્યુઆરીએ આરોગ્ય અને પરિવાર કલ્યાણ વિભાગની ટીમ સામે સેક્ટર-૨૧, જીમખાના મુકામે સેમી ફાઈનલ મેચ રમશે.

આંતર વિભાગીય સચિવાલય ક્રિકેટ ટૂર્નામેન્ટની સ્પર્ધા ૧લી જાન્યુઆરીએ યોજાઈ હતી. મેચમાં મહેસૂલ વિભાગની ટીમે ટોસ જીતી પ્રથમ બેટીંગ લઈ ૨૯ ઓવરમાં ૧૩૦ રન કર્યા હતા અને નાણાં વિભાગની ટીમે ૧૫.૩ ઓવરમાં ૪ વિકેટ ગુમાવી ૧૩૪ રન કરી ૬ વિકેટે ભવ્ય વિજય મેળવ્યો હતો. નાણાં વિભાગ તરફથી કમલેશ સોલંકીએ ૫૫ રન ૯ ચોગ્ગા અને ૧ સિક્સ સાથે કર્યા હતા તથા ધવલ અગ્રવાલે ૩૬ રન ૭ ચોગ્ગા અને સંદિપ ચાવડાએ ૧૯ રન ૪ ચોગ્ગા સાથે કર્યા હતા. બોલીસમાં શૈલેષ પ્રજાપતિએ ૨૫ રનમાં ૪ વિકેટ, કમલેશ સોલંકીએ ૧૭ રનમાં ૩ વિકેટ અને સંદિપ ચાવડા અને ધવલ અગ્રવાલને ૧-૧ વિકેટ મળી હતી. નાણાં વિભાગની ટીમના મેનેજર દિનેશ દાણીએ વિજેતાઓને હાજર રહી પ્રોત્સાહન પુરું પાડી શુભેચ્છા આપી હતી.

જિલ્લા માહિતી કચેરી, ગાંધીનગરના વર્ગ ૪ના કર્મચારી શ્રી એસ.એ.પઠાણ વય મર્યાદાના કારણે નિવૃત થતાં તા. ૩૧/૧૨/૨૦૧૨ના રોજ તેમનો વિદાય સમારંભ કચેરીના સ્ટાફ દ્વારા યોજાયો હતો. આ -સંગે નાયબ માહિતી નિયામક શ્રી -જ્ઞાબેન એ. પટેલે નાળિયેર અને સાકર આપી સારા સ્વાસ્થ્ય-દ નિવૃત્તિ જીવન માટેની શુભેચ્છાઓ પાઠવી હતી. સાથે જ કચેરીમાં તેમની કામગીરી અને સારા ગુણો વિષયક સ્મૃતિઓ સંભારી હતી. આ ઉપરાંત કચેરીના તેમના સાથી કર્મચારીઓએ શ્રી પઠાણને સારા સ્વાસ્થ્ય માટેની શુભકામનાઓ પાઠવી હતી. આ -સંગે શ્રી પઠાણે જણાવ્યું હતું કે, વર્ષ ૧૯૭૬થી હું માહિતી ખાતામાં જોડાયો છું. મારી નોકરી દરમ્યાન મેં જયાં નોકરી કરી છે ત્યાં દરેક માહિતી કચેરીના અધિકારીશ્રીઓ તથા કર્મચારીઓનો સાથ સહકાર મળ્યો છે પણ આ કચેરીમાં મને એક પરિવારની હુફ મળી છે. જે હું મારા હવે, પછીના જીવનકાળ દરમ્યાન કયારેય આ સ્ટાફ પરિવારનો ્રેમ ભૂલી શકીશ નહિં. કચેરીના સર્વ સ્ટાફ સભ્યોએ શ્રી પઠાણ સાથેના સ્મરણો વ્યકત કર્યા હતાં. કચેરીના સ્ટાફ પરિવારે શ્રી પઠાણને શાલ ઓઢાડી તેમજ યાદગાર ભેટ આપી તેમને ભીની આંખે વિદાય આપી હતી. આ -સંગે કચેરીના શ્રી કીર્તીભાઈ પરમાર, આર. વી. ત્રિવેદી, કમલભાઈ રાઠોડ, પરિમલ પટેલ, દેવાંગ કાપડીયા, ભરતભાઈ ઠાકુર અને રમેશભાઈ પરમાર ઉપસ્થિત રહયાં હતાં.

સાયકલ માર્ગો ઉપરથી અલિપ્ત થઈ રહી છે

ત્યારે સાયકલ સવારી આમ આદમીની જીવાદોરી બની રહી છે

(ધર્મેન્દ્ર મહેતા) ગાંધીનગર, તા.૧

હાઈટેક જમાનામાં ઝડપ મહત્વની બની છે જેમાં પવનની ગતિએ જે તે સ્થળે પહોંચવા મથે છે ત્યારે સામાન્ય માણસ પોતાની રોજી રોટી અર્થે હજુ પણ હાથ વગા અને બિનખર્ચાળ સાધન એવા સાયકલને પ્રાધાન્ય આપી રહ્યો છે. હાલમાં માર્ગો ઉપરથી અલિપ્ત થઈ રહેલી સાયકલનો ફકત વિદ્યાર્થીઓ અને કારીગર વર્ગ જ ઉપયોગ કરી રહ્યો છે પરંતુ ઈંધણ બચાવોના અભિયાનને જો જીવંત રાખવું હોય તો સાયકલ એ ખૂબ જ મહત્વનું પરિબળ હોવાનું જણાઈ રહ્યું છે.

દેશના શહેરો ટ્રાફિક સમસ્યાથી ત્રસ્ત બન્યા છે જેમાં દૈનિક અનેક ગણું ઈંધણ આ ટ્રાફિકમાં જ વપરાઈ જઈ રહ્યું છે ત્યારે સરકારી (જાહેર) સાધનોના ઉપયોગ ઉપર ભાર મુકાઈ રહ્યો છે. પરંતુ નોકરી, વ્યવસાય કે ધંધા રોજગાર કે જે સાયકલ ઉપર જઈ શકાય તેવું હોય ત્યારે સાયકલ એ આ સમસ્યાનો મૂળભૂત ઉકેલ બને તેમ છે. પરંતુ શ્રીમંતો માટે જે મોભાનો પ્રશ્ન બની જાય છે તે સામાન્ય માણસ માટે આજીવિકાનું સાધન ગણાય છે.

વિશ્વમાં સાયકલ પ્રવાસને આગવું મહત્વ અપાય છે અને તે અંતર્ગત અનેક વિદેશીઓ ભારતભરનું સાયકલ ઉપર ભ્રમણ કરતાં અનેક દાખલા મોજુદ છે. ધાર્મિક લાગણીઓ સાથે સંકળાયેલી આ સાયકલ અંબાજી, પાવાગઢ, ચોટીલા કે ડાકોર જેવા સ્થળોએ માનતા પુરી કરવા ઉપયોગ થાય છે. રાજયના અનેક જીઆઈડીસીના પાર્કિંગમાં સાયકલો ઉભરાય છે કારણ કે કારીગર વર્ગ અને મજુર વર્ગ બિન ખર્ચાળ આ સાધનોનો આવન-જાવનમાં ઉપયોગ કરે છે.

તબીબો પણ તંદુરસ્ત સ્વાસ્થ્ય માટે નિયમિત સાયકલ ચલાવવાની ભલામણ કરતા હોય છે પરંતુ હાલમાં આ સાધન ફકત શાળાએ જતા વિદ્યાર્થીઓ અને સામાન્ય માણસ રોજગાર અર્થે જતા ઉપયોગ કરતાં નજરે પડી રહ્યો છે. અત્યારે સાયકલનું સ્થાન બાઈક સ્કુટી, એકટીવા કે ઈલેકટ્રીક બાઈકે મેળવી લીધું છે પરંતુ સામે અકસ્માતોની વણઝાર પણ વણથંભી રહી છે.

વયનિવૃત્ત થયેલા સંયુકત માહિતી નિયામક દિનેશકુમાર ડિંડોડનું અભિવાદન કરાયું

અમદાવાદ, તા.૧

રાજયના માહિતી ખાતાની પ્રાદેશિક માહિતી કચેરી, અમદાવાદમાં સંયુકત માહિતી નિયામક તરીકે ફરજ બજાવતા શ્રી દિનેશકુમાર ડિંડોડ વયનિવૃત્ત થતા તથા સહાયક માહિતી નિયામક (વહીવટ) તરીકે ફરજ બજાવતા શ્રીમતી નયનાબેન દેસાઈ સ્વૈચ્છિક નિવૃત્ત થતા માહિતી કમિશનર શ્રી વી. થિરૂપુગલની ઉપસ્થિતિમાં આ બંને અધિકારીઓનો વિદાયમાન સમારંભ યોજાયો હતો.

માહિતી કમિશનર શ્રી વી. થિરૂપુગલે જણાવ્યું હતું કે, સમગ્ર રાજયમાં માહિતી ખાતાની અમદાવાદ પ્રાદેશિક કચેરીમાં કામનું સૌથી વધુ ભારણ રહે છે. શ્રી ડિંડોડે તેમના કાર્યકાળ દરમિયાન અમદાવાદ કચેરીમાં પોતાની આગવી સુઝ-બુઝ અને સંઘ ભાવનાથી (ટીમ સ્પીરીટ) તમામ પ્રકારની કામગીરીને સુપેરે પાર પાડી છે. શ્રી થિરૂપુગલે નિવૃત્ત થતા શ્રી દિનેશકુમાર ડિંડોડ તથા શ્રીમતી નયનાબેન દેસાઈનું શેષ જીવન નિરામય, સુખમય રહે તેવી શુભેચ્છાઓ પાઠવી હતી.

માહિતી કમિશનર શ્રી થિરૂપુગલે વય નિવૃત્ત થતા શ્રી દિનેશકુમાર ડિંડોડને શ્રીફળ અને શાલ ઓઢાડી સ્મૃતિચિહ્ન અર્પણ કરી બહુમાન કર્યું હતું. શ્રીમતી નયનાબેન દેસાઈને નાયબ કાર્યપાલક ઈજનેર શ્રીમતી હિનાબેન પટેલે શ્રીફળ અને શાલ આપી સ્મૃતિચિહ્ન અર્પણ કરી અભિવાદન કર્યું હતું.

વય નિવૃત્ત થતા સંયુકત માહિતી નિયામક શ્રી દિનેશકુમાર ડિંડોડે જણાવ્યું હતું કે, સંવેદનાસભર અને સમર્પણ ભાવનાથી સરકારી સેવામાં કામગીરી કરવામાં આવે તો દીપી ઉઠી છે. મારા કાર્યકાળ દરમિયાન અમદાવાદ સહિત વિભાગની કચેરીઓના અધિકારીઓ/કર્મીઓનો પ્રશસ્ય સહયોગ સાંપડયો હતો જેને પરિણામે અમદાવાદ કચેરીની કામગીરી દીપી ઉઠી છે.

સ્વૈચ્છિક નિવૃત્ત થતા શ્રીમતી નયનાબેન દેસાઈએ પણ અધિકારી/કર્મીઓ પ્રત્યે પોતાની કામગીરીમાં સહયોગ બદલ આભારની લાગણી વ્યકત કરી હતી.

સંયુકત માહિતી નિયામક સુશ્રી વિભૂતિબેન છાયા, શ્રેયાંન સહાયક ઈજનેર શ્રી મયુરભાઈ શાહ, નાયબ કાર્યપાલક ઈજનેર શ્રીમતી હિનાબેન પટેલ, સહાયક માહિતી નિયામકશ્રી અભય રાવલ, બી.પી. દેસાઈ, હિમાંશુ ઉપાધ્યાય, સહાયક અધિક્ષક શ્રી દિનેશ ચૌહાણ, નિવૃત્તિ સહાયક માહિતી નિયામક શ્રી એસ.એમ. પરમારે શ્રી દિનેશકુમાર ડિંડોડ સાથે કરેલ કામગીરીના સંસ્મરણો વાગોળ્યા હતા.

પ્રારંભમાં સહાયક માહિતી નિયામક શ્રી અભય રાવલે આવકાર પ્રવચન કર્યું હતું. અંતમાં નાયબ માહિતી નિયામક શ્રી કે.વી. ભગોરાએ આભારવિધિ કરી હતી.

આજે ગાંધીનગરમાં

આજનો દિવસ

સૂર્યોદય : ૭.૨૧
સૂર્યાસ્ત : ૬.૦૨

તાપમાન

મહત્તમ : ૨૭.૨ ડિ.સે.
લઘુત્તમ : ૧૧.૦ ડિ.સે.

ભેજનું પ્રમાણ

સવારે ૭૭ ટકા ● સાંજે ૪૪ ટકા

મનોરંજન

સિટી પલ્સ

: સ્ક્રીન-૧ :
દબંગ-૨ : ૧૦.૧૫ (રાત્રે)

: સ્ક્રીન-૨ :
દબંગ-૨ : ૧૦.૦૦, ૧૨.૩૦, ૩.૩૦, ૬.૩૦, ૯.૩૦

: સ્ક્રીન-૩ :
દબંગ-૨ : ૧.૩૦, ૪.૩૦, ૭.૩૦, ૯.૪૫

: સ્ક્રીન-૪ :
દબંગ-૨ : ૧૧.૩૦, ૨.૩૦, ૫.૩૦, ૮.૩૦

સિને મેક્સ

: સ્ક્રીન-૧ :
જૅક રીચર ૨ડી(અંગ્રેજી) :૯.૩૦, ૧૨.૦૦, ૨.૩૦, ૫.૦૦, ૧૦.૦૦
લાઈફ ઑફ પાય ૩ડી(હિન્દી) : ૭.૩૦

: સ્ક્રીન-૨ :
દબંગ-૨ : ૯.૧૫, ૧૨.૦૦, ૨.૪૫, ૫.૩૦, ૮.૧૫

: સ્ક્રીન-૩ :
દબંગ-૨ : ૧૦.૦૦, ૧૨.૪૫, ૩.૩૦, ૬.૧૫, ૯.૦૦

: સ્ક્રીન-૪ :
દબંગ-૨ : ૧૧.૧૫, ૨.૦૦, ૪.૪૫, ૭.૩૦, ૧૦.૧૫

સૂર્યા, વાવોલ

દબંગ-૨ : ૧૨.૪૫, ૩.૪૫, ૯.૪૫
હું દિવાના તારા પ્રેમનો : ૧૨.૩૦, ૩.૩૦, ૯.૩૦

મૂવી પ્લેક્સ, કલોલ

: સ્ક્રીન-૧ :
દબંગ-૨: ૧૦.૪૫, ૧.૧૫, ૪.૧૫, ૭.૦૦, ૧૦.૦૦

: સ્ક્રીન-૨ :
દબંગ-૨ : ૧૨.૧૫, ૩.૧૫, ૬.૧૫, ૯.૧૫

વિરાગ, કલોલ

દબંગ-૨ : ૧૨.૩૦, ૩.૩૦, ૬.૩૦, ૯.૩૦

આપની આજ

મેષ : સંતોષપ્રદ વાતાવરણ રહેશે. વ્યવસાયિક પ્રતિસ્પર્ધામાં તમે વિજય મેળવી શકો છો. માલ-મિલકતના પ્રશ્નો ઉકેલાશે. રહેઠાણ સંબંધી સમસ્યા રહી શકે છે.

વૃષભ : વિશેષ ઉન્નતિકારક યોગોને કારણે મન પ્રસન્ન રહેશે. જીવનમાં વિવિધતાપૂર્ણ વાતાવરણ નિર્મિત થશે. વ્યાપાર-વ્યવસાય પર ધ્યાન આપશો. આરોગ્ય પ્રત્યેની બેદરકારી ઘાતક થઈ શકે છે. ગુસ્સા પર કાબૂ રાખવો.

મિથુન : મહત્વકાંક્ષા અનુસાર કાર્ય પૂરા થવાનો યોગ. સામાજિક સમ્માનની પ્રાપ્ત થશે. કુટુંબમાં સારું વાતાવરણ મનને પ્રસન્નતા આપશે. વિરોધી હેરાન ન કરી શકે. અવસર હિતકર થશે. આળસ, પ્રમાદથી દૂર રહીને કાર્ય કરો.

કર્ક : સામાજિક કાર્યોમાં સન્માન પ્રાપ્ત થશે. નોકરીમાં સ્થિતિ મજબૂત રહેશે. મિત્રોનો પૂર્ણ સહયોગ તમને મળી શકશે. વધુ ખર્ચ ન થાય તેની તકેદારી રાખવી.

સિંહ : શુભ મંગળ કાર્યોનો યોગ. આર્થિક સમસ્યા પર કાર્ય થશે. આમોદ-પ્રમાદના અવસર આવશે. રોજગારના ક્ષેત્રમાં તમારો આત્મવિશ્વાસ અને મહત્વ વધશે.

કન્યા : કાર્યની પ્રત્યે ઉતાવળ અને બેદરકારી ન કરો. માનસિક દ્વંદ્વને કારણે તમારી નિર્ણય ક્ષમતા પ્રભાવિત થશે.કર્મક્ષેત્રમાં સફળતા પ્રાપ્તિનો યોગ.

તુલા : કાર્ય કરવાની સ્થિતિમાં સુધારા કરવું જરૂરી છે. વ્યાપાર વ્યવસાયમાં સફળતા પ્રાપ્ત કરી શકશો. સ્થાયી સંપતિ મળવાનો યોગ.

વૃશ્ચિક : મિત્રોથી વિશેષ લાભ પ્રાપ્તિનો યોગ. પદ, મકાન, વાહન સંબંધી લાભ પ્રાપ્તિનો વિશેષ યોગ. મનોરંજન, આમોદ-પ્રમોદ સંબંધી વિશેષ યોગ. કોઈ કાર્યમાં મળેલી સફળતા મહત્વપૂર્ણ હિતકારક બનશે.

ધન : તમારી મિલન સારિતા અને ધૈર્ય તમને સમાજ અને પરિવારમાં આદરમાન અપાવશે. મકાન સંબંધી સમસ્યાઓમાં સમાધાન થઈ શકે છે. ભૌતિક સુખ- સમૃદ્ધિમાં વધારો થઈ શકે છે. પિતાથી વ્યવસાયિક મતભેદ થવાની આશંકા છે.

મકર : કર્મક્ષેત્રમાં ભાગ્યવર્ધક યાત્રાનો યોગ. નિર્ણય લેવામાં વિલંબ ન કરવો. કાર્યની ગતિ બનાવી રાખો. લાભનો માર્ગ ખુલ્લો થશે. આર્થિક ચિંતા દુર થતી જણાશે. વ્યવસાયક્ષેત્રે વૃદ્ધિમાં વધારો થતો જણાય. વાહન સુખ પ્રાપ્તિનો યોગ.

કુંભ : જીવનસાથી અને ભાગીદારોથી વિશેષ લાભ પ્રાપ્તિનો યોગ. ભૌતિક સુખમાં વધારો થઈ શકે છે.સહયોગીઓથી લાભ મળવાની સંભાવના છે. આવકમાં વધારો થઈ શકે છે. શુભ સંદેશ તમને નવી ચેતના આપશે.

મીન : વેપાર, કુટુંબમાં શુભકાર્યો, કર્મક્ષેત્રમાં વિશેષ ભાગીદારી સંબંધી વિવાદનો યોગ. સાવચેતી અને સતર્કતા રાખીને કામ કરો. માતા-પિતાના આરોગ્યની ચિંતા રહેશે. ધર્મ- કર્મમાં ખર્ચ થઈ શકે છે. સત્સંગમાં જોડાશો.

ચિરવિદાય

- સ્વ. કિરીટકુમાર ધીરજલાલ વ્યાસ (ઉ.વ. ૫૦)કિર્તીરાજ સોસાયટી, મુ.પો. પેથાપુર, તા., જિ. ગાંધીનગર.
- સ્વ. શકરીબેન ભાવનજી ઠાકોર (ઉ.વ. ૭૨) મુ.પો. પ્રાંતિયા, તા., જિ. ગાંધીનગર.
- સ્વ. મધુકાન્તાબેન ઠાકોરભાઈ દેસાઈ (ઉ.વ. ૭૫) પ્લોટ નં. ૧૦૫૭/૧, સેકટર-૩/ડી, ગાંધીનગર.
- સ્વ. મંજુલાબેન શંકરલાલ રાજપુરોહિત (ઉ.વ. ૬૪) પ્લોટ નં. ૪૬, સહકાર કોલોની, સેકટર-૨૫, ગાંધીનગર.
- સ્વ. કનુભાઈ રેવાભાઈ વાળંદ (ઉ.વ. ૫૮) મુ.પો. તારાપુર, તા., જિ. ગાંધીનગર.